કો.ફાઈલ

વિકસતી જાતિ કલ્યાણ કચેરી હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકો (માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક)ની ખાલી જગ્યા પર તાસ દીઠ માનદ વેતનથી (Honorarium per period) શિક્ષણ કાર્ય કરાવવા અંગે

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-અનસ/૧૦૨૦૧૬/૫૧૮૯૬૧/અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૩/૧૦/૨૦૧૭

23 OCT 2017

વંચાણે લીધા:-

(૧) વિભાગનો તા:૦૯/૦૬/૧૯૮૯નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૨૮૮/૧૨૪૫/ગ
(૨) શિક્ષણ વિભાગનો તા:૨૧/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ
(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૫/૦૯/૨૦૧૭નો પત્ર ક્રમાંક:વિજાક/આનિશા/૨૦૧૭/મા.વેતન/૧૦૬૮.
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૩/૧૦/૨૦૧૭નો પત્ર ક્રમાંક:વિજાક/આનિશા/રેમ્યુ/૨૦૧૭/મા.વેતન/૨૦૩૮.

પ્રસ્તાવના:-

વંચાણે લીધેલ ક્રમ-(૧)માં દર્શાવેલ વિભાગના તા:૦૯/૦૬/૧૯૮૯ના ઠરાવથી અનુસૂચિત જાતિ તથા સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગોની આદર્શ નિવાસી શાળાઓમાં રોકવામાં આવતા ખંડ સમયના શિક્ષકોને ઉચ્ચક મહેનતાણુ આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

વંચાણે લીધેલ ક્રમ-(૨)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા:૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવથી પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગાઓ સામે ખાલી જગા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અટકે નહીં તે માટે તાસ દીઠ માનદ વેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવા અંગેની કાર્યપ્રણાલી નક્કી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-(૩) તથા ક્રમ-(૪)માં દર્શાવેલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના અનુક્રમે તા તા.૧૫/૦૯/૨૦૧૭ તથા.તા.03/૧૦/૨૦૧૭ના પત્રથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની મદદનીશ શિક્ષક (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ) ૩૫૨ મંજૂર જગ્યાઓ પૈકી ૨૫૬ ખાલી જગ્યાઓ પર શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઇઓ અને સુધારેલ દરો મુજબ તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવા અંગે મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષક (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક )ની કુલ ૩૫૨ મંજૂર જગ્યાઓ (માધ્યમિક ૧૮૭ + ઉચ્ચતર માધ્યમિક ૧૬૫) પૈકી હાલ ૨૫૬ ખાલી જગ્યાઓ માટે શિક્ષણ વિભાગના તા:૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવથી નક્કી કરેલ માર્ગદર્શક સૂચનાઓ અને શરતોને આધીન તાસ દીઠ માનદ વેતનથી શિક્ષણકાર્ય કરાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

તાસદીઠ અને મહત્તમ દૈનિક માનદ વેતન નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિગત | તાસદીઠ માનદ વેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | માધ્યમિક શિક્ષણ | રૂા. ૭૫/- | ૬ તાસ | રૂા. ૪૫૦/- |
| ૨ | ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ | રૂા. ૯૦/- | ૬ તાસ | રૂા. ૫૪૦/- |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૧/૧૦/૨૦૧૬ અને સરકારશ્રીની તા:૧૭/૧૦/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાંણા)ના અંગત સચિવશ્રી,નાંણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ૪/૨ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી(નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફતે)
- સર્વે નાયબ નિયામકશ્રી/સર્વે સમાજ કલ્યાણ અધિકારી (નિયામકશ્રી, વિકસતી જાતિ
- કલ્યાણ મારફતે)
- અ૧, છ, ગ ,જ શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
- સચિવાલય. ઉકત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ